# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

અષાઢ સુદ - ૦૭ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૩૧ ● તારીખઃ ૨૦.૦૭.૨૦૨૬, સોમવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


**આજનો સુવિચાર**

ખુશ રહેતા શીખો, કારણ કે સુખનો અભાવ દુનિયામાં નથી આપણી નજરમાં છે!

## મોંઘવારીનો મોટો ઝટકો, CNGના ભાવ પ્રતિ કિલો ૯૦ને પાર, અદાણી ગેસે ઝીંક્યો વધારો

**સમય સંદેશઃ નવીદિલ્હી**

સામાન્ય જનતા પર મોંઘવારીનો વધુ એક મોટો બોજ આવી પડ્યો છે. ગ્લોબલ એનર્જી માર્કેટમાં ક્રૂડ ઓઈલ અને ગેસની કિંમતોમાં થયેલા ઉછાળાને પગલે સરકારી ઓઈલ કંપનીઓએ દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૩ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકી દીધો છે. આ આંચકાની વચ્ચે જ અમદાવાદ સહિત ગુજરાતના વાહનચાલકો માટે વધુ એક માઠા સમાચાર આવ્યા છે, જ્યાં અદાણી ગેસ દ્વારા પણ

અનુ પાના નં.૨ પર

## સોનમ વાંગચુકને દિલ્હી હાઈકોર્ટનો મોટો ઝટકો

**સમય સંદેશઃ નવીદિલ્હી**




લદ્દાખના અગ્રણી સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકને પ્રાઈવેટ હોસ્પિટલમાં શિફ્ટ કરવાની માંગ પર દિલ્હી હાઈકોર્ટ તરફથી હાલ પૂરતી કોઈ રાહ મળી નથી. અદાલતે રવિવારે સ્પેશિયલ સુનાવણી દરમિયાન સોનમ વાંગચુકને દિલ્હીની સરકારી સફદરજંગ હોસ્પિટલમાંથી રજા આપીને ગુરુગ્રામની ખાનગી મેદાંતા હોસ્પિટલમાં મોકલવાની અરજીને સંપૂર્ણપણે ફગાવી દીધી છે.

હાઈકોર્ટે સાફ કર્યું છે કે સોનમ વાંગચુકની બગડતી તબિયતને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવાનો નિર્ણય બિલકુલ યોગ્ય અને તબીબી જરૂરિયાતોને અનુરૂપ હતો. કોર્ટે આ મામલે સરકાર અને પોલીસ પાસે ૩

અનુ પાના નં.૨ પર

## ભારે વરસાદ વચ્ચે ભવનાથમાં સિંહણની એન્ટ્રી, રસ્તા પર લટાર મારતી સિંહણનો વીડિયો થયો વાયરલ



**સમય સંદેશઃ જુનાગઢ**

જૂનાગઢ જિલ્લાના ભવનાથ વિસ્તારમાં ચાલુ વરસાદી માહોલ વચ્ચે એક સિંહ રાત્રિના સમયે પાજનાકા પુલ નજીક જોવા મળતા સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે કૌતૂહલ સર્જાયું હતું. સિંહ વરસાદી વાતાવરણનો આનંદ માણતો હોય તેવા દશ્યો કેમેરામાં કેદ થયા હતા. સિંહ રસ્તાની નજીક દેખાતા ત્યાંથી પસાર થતાં અનેક વાહનચાલકોએ પોતાના વાહનો થંભાવી આ અદભૂત દશ્ય નિહાળ્યું હતું. કેટલાક લોકોએ આ ઘટનાનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કર્યો, જે બાદમાં સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો છે. ભવનાથ અને ગીર આસપાસના વિસ્તારોમાં સિંહોની અવરજવર અસામાન્ય નથી, છતાં વરસાદી રાત્રે આ રીતે સિંહ દેખાતા લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. વન વિભાગ દ્વારા લોકોને જંગલી પ્રાણીઓથી સુરક્ષિત અંતર જાળવવાની અને કોઈપણ પ્રકારની છેડછાડ ન કરવાની અપીલ કરવામાં આવે છે.

## અમદાવાદ ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ કેસમાં મોટી કાર્યવાહી, મુખ્ય આરોપી મેહુલ ડોડિયા સહિત ૩ની ધરપકડ

**સમય સંદેશઃ અમદાવાદ**

અમદાવાદમાં ફટાકડાની ફેક્ટરીમાં થયેલા ભયાનક બ્લાસ્ટ કેસમાં પોલીસે મોટી કાર્યવાહી કરતાં ત્રણ મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે મુખ્ય આરોપી મેહુલ ડોડિયા, રમીલા ડોડિયા અને સાદીક સૈયદની ધરપકડ કરીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ સમગ્ર કેસની તપાસ દરમિયાન અનેક ચોંકાવનારા ખુલાસાઓ સામે આવ્યા છે, જેના આધારે પોલીસે વધુ તપાસ પણ તેજ કરી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે વર્ષ ૨૦૧૪માં પણ આ જ ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો હતો. તે સમયે ફેક્ટરીનું સંચાલન રમીલાબેન ડોડિયા કરતા હતા અને આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું હતું. હવે ફરી એકવાર આ જ ફેક્ટરીમાં બ્લાસ્ટ થતાં જૂની ઘટના પણ ફરી ચર્ચામાં આવી છે. હાલ આ ફટાકડાની ફેક્ટરી મેહુલ ડોડિયાના નામે ચાલી રહી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આરોપીઓ ખેતરમાં શેડ બનાવીને ગેરકાયદેસર રીતે ફટાકડા બનાવતા હતા. આરોપી મેહુલ ડોડિયા ફટાકડા બનાવવાનું કારખાનું ચલાવતો હતો, જ્યારે તેની માતા રમીલાબેન ડોડિયા ફેક્ટરીનું સંચાલન કરતા હતા. પોલીસના જણાવ્યા મુજબ ફેક્ટરીમાં ખાસ કરીને ગણેશ વિસર્જન માટેના ઓર્ડરના ફટાકડા તૈયાર કરવામાં આવતા હતા. આ સમગ્ર કામગીરી દરમિયાન જરૂરી નિયમો અને સુરક્ષા ધોરણોનું પાલન કરવામાં

અનુ પાના નં.૨ પર

### સંજેલીના ગોવિંદાતળાઈ ગામના એક જ પરિવારના ૫ સભ્યોના વતનમાં અશ્રુભીની આંખે અંતિમ સંસ્કાર



અમદાવાદના રામોલ વિસ્તારમાં આવેલી ગેરકાયદે ફટાકડા ફેક્ટરીમાં ગત ૧૮ જુલાઈએ થયેલા પ્રચંડ બ્લાસ્ટમાં દાહોદના સંજેલી તાલુકાના ગોવિંદાતળાઈ ગામના એક જ શ્રમિક પરિવારના ૫ સભ્યોએ જીવ ગુમાવ્યા છે. રોજગારીની આશાએ છેલ્લા ૬ વર્ષથી ત્યાં કામ કરતા પરિવારના મોભી ભરત ચારેલ હોસ્પિટલમાં જિંદગીની જંગ લડી રહ્યા છે, જ્યારે તેમના પત્ની રમીલાબેન, ત્રણ પુત્રીઓ રીંકુ, શિવાની, રવિના અને એકમાત્ર પુત્ર નીરવનું આ કરુણ દુર્ઘટનામાં મોત નીપજ્યું છે. આ પાંચેય મૃતદેહો એમ્બ્યુલન્સ મારફતે વતન પહોંચતા જ સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું હતું અને પિતા વરસિંગ ચારેલે પુત્રવધૂ સહિત ૪ પૌત્ર-પૌત્રીઓને ભારે આક્રંદ વચ્ચે અગ્નિદાહ આપ્યો હતો. આ ભયાનક બ્લાસ્ટ એટલો તીવ્ર હતો કે

અનુ પાના નં.૨ પર

## જમ્મુ-કાશ્મીરના રાજૌરી-પૂંછમાં આભ ફાટ્યું, પૂર-ભૂસ્ખલનને કારણે ભારે તબાહી, ૧૦થી વધુ લોકોના મોત







**સમય સંદેશઃ શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરના રાજૌરી અને પૂંછ જિલ્લામાં અતિભારે વરસાદે તબાહી મચાવી છે. રાજૌરીમાં વાદળ ફાટવાથી કબ્રસ્તાન ધોવાઈ ગયું. પૂંછમાં એક જ પરિવારના ૬ સહિત ૧૦ લોકોના મોત થયા છે. બેલા કોલોનીમાં પાણી ઘૂસી જતાં અનેક વાહનો તણાયા. વૈષ્ણોદેવી યાત્રા સ્થગિત કરાઈ છે, જ્યાં ૧૫૦૦૦ શ્રદ્ધાળુઓ ફસાયા છે. ગઈઅઈ દ્વારા માર્ગો પરથી કાટમાળ હટાવવાની કામગીરી ચાલુ છે.

જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં મોડી રાત્રે ૧:૦૦ થી સવારના ૬:૦૦ વાગ્યા દરમિયાન થયેલા અતિભારે વરસાદે ભારે તબાહી મચાવી છે. મૂશળધાર વરસાદને કારણે સ્થાનિક દરહાલી નદી (રાજૌરી નદી) નું જળસ્તર ભયજનક સપાટીએ પહોંચી ગયું હતું, જેના પાણી નજીકની બેલા કોલોનીમાં ઘૂસી ગયા હતા. પાણીનો પ્રવાહ એટલો ઝડપી હતો કે આખો વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો હતો અને ત્યાં ફસાયેલા અસંખ્ય પરિવારો પોતાના ઘરોમાં કેદ થઈ ગયા હતા. આ ઉપરાંત, બેલા બસ સ્ટેન્ડ અને પાર્કમાં ઉભેલા ડઝનબંધ વાહનો પૂરના ધસમસતા પ્રવાહમાં રમકડાની જેમ તણાઈ ગયા હતા. જ્યારે રાજૌરીની સાથે પૂંછ જિલ્લામાં ભારે વરસાદ અને ફ્લેશ ફ્લડ અને ભયાનક ભૂસ્ખલને ભારે તબાહી મચાવી દીધી છે. કુલ મૃત્યુઆંક પણ વધીને ૧૦ને વટાવી ગયો છે. અનેક લોકો ગુમ હોવાની પણ માહિતી સામે આવી રહી છે. પૂંછમાં એક જ પરિવારના ૬ સભ્યો સહિત કુલ ૯ લોકોએ જીવ ગુમાવ્યા છે.

રાજૌરીના માંજાકોટ તહસીલ હેઠળ આવતા કોટલી કલાબન અને ગોલીનારી વિસ્તારોમાં વાદળ ફાટવાની ઘટના બની છે. વાદળ ફાટવાના કારણે આવેલા અચાનક પૂરમાં સ્થાનિક કબ્રસ્તાન સંપૂર્ણપણે ધોવાઈને નજીકના વોંકળામાં વહી ગયું હતું, જેના લીધે અનેક કબરો નષ્ટ થઈ ગઈ છે. આ અભૂતપૂર્વ ઘટનાથી સ્થાનિક રહીશોમાં ભારે

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં વીજ પુરવઠાના પ્રશ્નો નિવારવા રાજ્ય શિક્ષણ મંત્રીના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક

### સર્કિટ હાઉસ ખાતે યોજાયેલ બેઠકમાં પીજીવીસીએલના ઉચ્ચ અધિકારીઓ અને કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહ્યાઃ લો-વોલ્ટેજ અને ટ્રાન્સફોર્મર બદલવા સહિતના જનહિતના પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવા મંત્રીશ્રીની સૂચના







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના નાગરિકોને નિયમિત, પૂરતો અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રિવાબા જાડેજાના અધ્યક્ષસ્થાને સર્કિટ હાઉસ, જામનગર ખાતે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં પીજીવીસીએલના ઉચ્ચ અધિકારીઓ તેમજ શહેરના વિવિધ વોર્ડના કોર્પોરેટરશ્રીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન મંત્રીશ્રીએ ઉપસ્થિત પદાધિકારીઓ અને કોર્પોરેટરશ્રીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા વિવિધ વોર્ડના સ્થાનિક વીજ પ્રશ્નો અને ફરિયાદોને ખૂબ જ ગંભીરતાપૂર્વક સાંભળ્યા હતા. શહેરીજનોને વીજળી સંબંધિત કોઈ મુશ્કેલી ન પડે તે માટે લેવાના થતા જરૂરી તમામ વહીવટી અને ટેકનિકલ પગલાંઓ અંગે મંત્રીશ્રીએ અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી.

આ બેઠકમાં જામનગર શહેરમાં લો-વોલ્ટેજની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા, તેમજ જરૂરિયાત મુજબના નવા ટ્રાન્સફોર્મર ઊભા કરવામાં નડતી અડચણો અને તે માટેની જરૂરી જગ્યા ફાળવવા અંગેના પ્રશ્નોની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં હાથ ધરાતી વિવિધ વિકાસલક્ષી કામગીરી દરમિયાન અવારનવાર વીજ લાઈનો તૂટવાના પ્રશ્નો સામે આવતા હોય છે. આ સમસ્યાના કાયમી નિવારણ માટે મહાનગરપાલિકાની સંલગ્ન શાખાઓ અને પીજીવીસીએલના અધિકારીઓ પરસ્પર સંયુક્ત રીતે મજબૂત સંકલન જાળવીને કામ કરે તેવી સૂચના મંત્રીશ્રી દ્વારા આપવામાં આવી હતી.

બેઠકમાં પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા પણ એક મહત્વનું સૂચન કરવામાં આવ્યું હતું કે, ભવિષ્યમાં વીજ ફોલ્ટ કે અકસ્માત નિવારી શકાય તે માટે નાગરિકો અને તંત્ર દ્વારા વીજ લાઈનની બિલકુલ નીચે વૃક્ષારોપણ ન કરવું જોઈએ. આ સાથે જ ટેકનિકલ ખામી કે જાળવણીના કારણે જ્યારે વીજ

અનુ પાના નં.૨ પર


## તંત્રી સ્થાનેથી..

### સતત... એકધારો, વિરોધ !!

ભારત વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર છે. આ લોકતંત્રનો સૌથી મજબૂત આધાર સ્તંભ સંસદ છે. દેશના કરોડો મતદારો પોતાના પ્રતિનિધિઓને એક જ આશા સાથે સંસદમાં મોકલે છે કે તેઓ લોકોના પ્રશ્નો ઉઠાવશે, સરકારને જવાબદાર બનાવશે અને વિકાસ માટે જરૂરી કાયદાઓ ઘડશે. પરંતુ જ્યારે સંસદમાં ચર્ચા કરતાં વધુ હોબાળો થાય, કામકાજ વારંવાર અટકી જાય અને કિંમતી સમય વેડફાય, ત્યારે તેનું સૌથી મોટું નુકસાન દેશ અને લોકશાહીને થાય છે. આ પરંપરા બદલવાની જરૂર છે.વિરોધ પક્ષ લોકશાહીની શક્તિ છે. સશક્ત વિરોધ પક્ષ વગર લોકશાહી પૂર્ણ બની શકતી નથી. સરકારના નિર્ણયો પર પ્રશ્નો ઉઠાવવા, ખામીઓ બતાવવા અને જનતાની વેદનાને અવાજ આપવાનો અધિકાર વિરોધ પક્ષને છે. પરંતુ વિરોધનો અર્થ સંસદનું કામ અટકાવવું નથી. ચર્ચા છોડીને સતત અવરોધ ઉભો કરવો એ લોકશાહીની ભાવનાને નબળી બનાવે છે. દેશની જનતા હવે ચર્ચા અને પરિણામ બંને જોવા માંગે છે.સંસદનું દરેક સત્ર રાષ્ટ્રના ભવિષ્ય સાથે જોડાયેલું હોય છે. કૃષિ, શિક્ષણ, આરોગ્ય, રોજગારી, ઉદ્યોગ, રાષ્ટ્રીય સુરક્ષા, ટેકનોલોજી અને અર્થતંત્ર જેવા અનેક વિષયો પર નિર્ણયો લેવાય છે. એક દિવસનું પણ કામકાજ બંધ રહે તો અનેક મહત્વના મુદ્દાઓ પાછળ ધકેલાઈ જાય છે. સંસદનો દરેક કલાક દેશની સંપત્તિ સમાન છે. તેનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ.ભારતની સંસદીય પરંપરા ગૌરવપૂર્ણ રહી છે. એક સમય એવો હતો જ્યારે કલાકો સુધી ઊંડાણપૂર્વક ચર્ચા થતી હતી. પક્ષ અને વિરોધ પક્ષ બંને તર્ક સાથે પોતાની વાત રજૂ કરતા હતા. અનેક વખત વિરોધ પક્ષના સૂચનોને સરકાર સ્વીકારતી હતી. આ પરંપરાએ લોકશાહીને મજબૂત બનાવી હતી. આજના સમયમાં પણ એ જ સંસ્કૃતિને ફરી જીવંત કરવાની જરૂર છે.લોકશાહીનો અર્થ માત્ર ચૂંટણી જીતવી નથી. લોકશાહીનો સાચો અર્થ સતત સંવાદ, જવાબદારી અને સહકાર છે. સંસદ એ એવો મંચ છે જ્યાં મતભેદનો ઉકેલ ચર્ચાથી આવે છે. જો ચર્ચાના દરવાજા બંધ થઈ જાય તો ગેરસમજ વધે છે. જો સંવાદ ચાલુ રહે તો ઉકેલ પણ સરળ બને છે. તેથી દરેક રાજકીય પક્ષે સંવાદને પ્રાથમિકતા આપવી જોઈએ.સરકારની જવાબદારી પણ એટલી જ મહત્વની છે. દરેક મહત્વના મુદ્દા પર ખુલ્લી ચર્ચા કરવી, વિરોધ પક્ષને પૂરતો સમય આપવો અને યોગ્ય સૂચનોને સ્વીકારવાની તૈયારી રાખવી એ સારા શાસનની ઓળખ છે. બીજી તરફ વિરોધ પક્ષે પણ લોકોના વિશ્વાસને ધ્યાનમાં રાખીને રચનાત્મક ભૂમિકા ભજવવી જોઈએ.



## હાલારના હાલહવાલ



# ૧૫૦થી ૨૦૦ ઘરોમાં સર્વેનો ધમધમાટઃ દ્વારકાના બાળકમાં ચાંદીપુરા વાયરસના લક્ષણો, સઘન સર્વે

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા શહેરમાં એક છ વર્ષીય બાળકમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો જોવા મળતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. બાળકમાં તાવ, ખેંચ આવવી, ચકકર આવવા અને ઉલટી જેવી ગંભીર સમસ્યાઓ જણાતા તેને વધુ સારવાર અર્થે તાત્કાલીક જામનગર ખસેડવામાં આવ્યું છે જયાં હાલ તેનું નિરીક્ષણ અને સારવાર ચાલી રહી છે.

બીજી બાજુ ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો ધરાવતા કેસના પગલે સ્થાનીય આરોગ્ય વિભાગ તુરન્ત સતર્ક બની ગયું છે. આરોગ્ય વિભાગની



ટીમ દ્વારા દ્વારકાના બીરલા પ્લોટ વિસ્તારમાં ૧૫૦ થી ૨૦૦ જેટલા ઘરોમાં નગરપાલીકાના સંયોજનથી સઘન સર્વે કામગીરી હાથ ધરવામાં આવી છે. સાવચેતીના પગલા રૂપે બાળકના ઘરની આસપાસના વિસ્તારોમાં દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે તેમજ આસપાસના રહીશોનું ટેસ્ટીંગ અને પૂછપરછ કરી આરોગ્યની સ્થિતિની તપાસ કરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા વાલીઓને સતર્ક રહેવા ખાસ અપીલ કરવામાં આવી છે અને જો કોઈ બાળકમાં તાવ, ખેંચ આવવી, ઉલટી કે ચકકર જેવા લક્ષણો જણાય તો ગભરાયા વગર તાત્કાલીક નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા અને સમયસર નિદાન કરવા સૂચના અપાઈ છે.

## ધારાસભ્ય હેમંત ખવાની ચીમકીઃ ૩ દિવસમાં સૌની યોજનાનું પાણી આપો, નહીં તો ઉગ્ર આંદોલન કરીશું

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર-લાલપુર વિસ્તારના ખેડૂતોના ઊભા પાકને બચાવવા માટે સ્થાનિક ધારાસભ્ય હેમંત ખવાએ સરકાર અને વહીવટી તંત્ર સામે આક્રમક વલણ અપનાવ્યું છે. સિંચાઈના પાણીની તીવ્ર અછતને પગલે તેમણે તંત્રને આખરી ચેતવણી આપતા જણાવ્યું છે કે, જો આગામી ત્રણ દિવસમાં 'સૌની યોજના' હેઠળ પૂરતું પાણી



છોડવામાં નહીં આવે, તો નાછૂટકે ખેડૂતોના હિતમાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે. ધારાસભ્યએ સત્તાવાળાઓને પત્ર લખીને આ ગંભીર પરિસ્થિતિ અંગે તાકીદે યોગ્ય પગલાં લેવા રજૂઆત કરી છે.

ધારાસભ્યના જણાવ્યા અનુસાર, તેમના મત વિસ્તારમાંથી સૌની યોજનાની લિંક-૧ અને લિંક-૩ લાઈન પસાર થાય છે, પરંતુ વહીવટી અણઆવડતના કારણે ખેડૂતો સુધી પાણી પહોંચતું નથી. મોરબી બ્રાંચ કેનાલમાંથી મચ્છુ-૨ ડેમમાં પમ્પિંગ શરૂ કરવા માટે જરૂરી ૬૦૦ ક્યુસેક પાણીની આવક થતી નથી, જેના કારણે પાણી લાલપુરના ગામડાં સુધી પહોંચવામાં મોડું થઈ રહ્યું છે. આ જ રીતે, કાલાવડ થઈને આવતી લિંક-૩ લાઈન પર વહીવટી તંત્રની બેદરકારીને લીધે હાલ માત્ર એક જ પંપ કાર્યરત હોવાથી જામજોધપુરના ખેડૂતો પણ પાણી વિના મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હેમંત ખવાએ સરકાર સમક્ષ માગ કરી છે કે મોરબી બ્રાંચ કેનાલમાંથી મચ્છુ-૨ ડેમમાં તાત્કાલિક પાણી છોડવામાં આવે અને લિંક-૩ લાઈન પર પંપની સંખ્યા વધારીને પમ્પિંગ તેજ કરવામાં આવે. જો આગામી ૭૨ કલાકમાં તંત્ર દ્વારા આ બાબતે યોગ્ય વહીવટી આદેશો કરીને ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવાની વ્યવસ્થા નહીં કરાય, તો સમગ્ર પંથકના જગતના તાતને સાથે રાખીને જલદ આંદોલન કરવાની ફરજ પડશે, જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે.

## દ્વારકાધીશના દરબારમાં કુંડલા ભોગ ધરાવાયોઃ જગતમંદિરમાં ભાવિકોએ દિવ્ય દર્શન કર્યા



દ્વારકાના જગતમંદિરમાં શનિવાર, ૧૮ જુલાઈના રોજ ભગવાન શ્રી દ્વારકાધીશજીને કુંડલા ભોગ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિવિધ પ્રકારનાં મિષ્ટાન્ન અને ભોગ સામગ્રીથી સુશોભિત થાળ ઠાકોરજી સમક્ષ સજાવવામાં આવ્યા હતા. કુંડલા ભોગ દરમિયાન ઠાકોરજીનું સ્વરૂપ અને તેમની સમક્ષ ગોઠવાયેલા મિષ્ટાન્નના થાળે દર્શનાર્થીઓનું ધ્યાન ખેંચ્યું હતું. રાજાધિરાજના આ દર્શનનો લાભ લેવા મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. આ ભોગનાં દર્શન સાથે જગતમંદિરમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. દેશ-વિદેશથી આવેલા યાત્રિકોએ ભગવાન દ્વારકાધીશજીના દર્શન કરી સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

## ભાવસાર સમાજનું ગૌરવઃ બાસ્કેટબોલ પ્રતિભાશાળી ખેલાડી આનાયા રાજેશ ભાવસારે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ રોશન કર્યું

**સમય સંદેશઃ જામનગર**




ભાવસાર સમાજની ઊગતી મિશાલ અને ભારતીય બાસ્કેટબોલ ટીમની સ્ટાર ખેલાડી આનાયા રાજેશ ભાવસારે રમતગમતના ક્ષેત્રમાં અસાધારણ સિદ્ધિઓ મેળવીને સમગ્ર દેશ અને સમાજનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે. હંગેરીના ડેબ્રેસેન ખાતે યોજાયેલા 'FIBA 3X3 અ૧૮ વર્લ્ડ કપ ૨૦૨૪' માં આનાયાએ ભારતીય ગર્લ્સ ટીમની કેપ્ટન તરીકે આગેવાની કરીને દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ ઉપરાંત, તેની પસંદગી NBA અને FIBAના પ્રતિષ્ઠિત બાસ્કેટબોલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ 'બાસ્કેટબોલ વિધાઉટ બોર્ડર્સ (BWB) એશિયા ૨૦૨૩' માં થઈ હતી, જ્યાં તે વોશિંગ્ટન મિસ્ટિક્સ ટીમ તરફથી રમી હતી. ૨૦ ડિસેમ્બર ૨૦૦૬ના રોજ જન્મેલી અને ૧૭૬ સેમી ઊંચાઈ ધરાવતી ગાર્ડ પોઝિશનની આ ખેલાડી સત્તાવાર રીતે FIBAની લિસ્ટમાં સામેલ છે, જેણે 'ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ ૨૦૨૩' માં ટીમ મહારાષ્ટ્ર સાથે બ્રોન્ઝ મેડલ પણ જીત્યો છે. આનાયાની સખત મહેનત, સમર્પણ અને રમત પ્રત્યેનો જુસ્સો આજે દેશના અનેક યુવા રમતવીરો માટે નવી પ્રેરણા પૂરી પાડી રહ્યો છે.


**સરકારમાન્ય બોન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

અભિજીત જયંતકુમાર દવે

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૯૬૬૮૮૧૯૯૯


## અનુસંધાન

### સમય સંદેશ સ્પેશિયલ

(પાના નં. ૪ થી આગળ)

હોવાનું મનાય છે. ઇરાન તો અમેરિકાના નાણા ખાતાની જ ટેકનોલોજી વાપરે છે એટલે તેની નકલ તો અસલને ટક્કર મારે તેવી આબાદ હોય છે.

ભારતમાં અત્યારે પરદેશ જનારાઓ અમેરિકન ડોલર મુંબઇથી ખરીદીને લઇ જાય છે. વિઝા કઢાવવા અને પ્લેનની ટિકિટની જોગવાઇ કરવા મુંબઇ આવી વધારાનો ડોલરનો પુરવઠો પણ મેળવી લેવાય છે. ડોંગરીથી કોલાબા સુધીના વિસ્તારમાં ડોલરનું ચલણ મળે છે. આમાં સાચી નોટોની ભેગી બનાવટી નોટો પણ હોઇ શકે. ભારતમાં લાખોની સંખ્યામાં ૧૦૦ ડોલરની કિંમતની અમેરિકન નોટો આવી ગઇ છે. તેમાંથી મોટા ભાગની ચીન અને થાઇલેન્ડથી આવે છે. કારણ કે ત્યાં બનાવટી નોટો છાપવાનો ધંધો મોટા પાયે ચાલે છે. ડોલરનો ભાવ જેમ જેમ ઊંચકાતો જાય છે તેમ વધુને વધુ લોકો બનાવટી નોટો છાપવાના ધંધામાં ઝંપલાવવા માંડયા છે. ભારતમાં દિલ્હીથી ત્રિવેન્દ્રમ સુધીમાં કેટલાંય સ્થળે છુપી રીતે ડોલરની બનાવટી નોટો છપાય છે. શરૂઆતમાં સરકાર એમ સમજતી હતી કે નાના ગઠિયાઓ જ આ કામમાં પડે છે. પરંતુ કોમન વેલ્થગેમ્સ વખતે દિલ્હીમાં ડોલરનો અમેરિકન ડોલરની હુબહુ નકલ ન થઇ શકે માટે અમેરિકન ટ્રેઝરી ખાતું ઘણી ચીવટ રાખે છે. દાખલા તરીકે પતરા પર ડોલરની ડિઝાઇન કોતરનાર કારીગર દોઢ બે વર્ષની મહેનતને અંતે માંડ એક પતરું કોતરી શકે છે. નોટ જેટલા રંગમાં છાપવાની હોય એટલા પતરાં પર નોટો છાપવામાં આવે છે. નોટો છપાઇ ગયા બાદ દરેક પતરાંને અલગ અલગ તિજોરીમાં રાખવામાં આવે છે. જેથી એકાદ પતરું ચોરાય તો પણ નોટની નકલ થવાનો ભય ન રહે. વીસ ડોલરની પ્રમુખ એન્ડ્રસ જેકસનની તસ્વીરવાળી નોટ વિશે તો એવો દાવો કરાત ોહતો કે એ નોટની નકલ કરવા માટે ફરેબીઓએ પાંચ વર્ષ સુધી મહેનત કરવી પડે. એટલું જ નહીં, પણ અમેરિકન સિક્યોરીટી પ્રેસના કોઇ ચુનંદા કારીગરની મદદ લેવી પડે.

### ઈ-ચલણ ઈસ્યૂ થયા

(પાના નં. ૪ થી આગળ)

કરવાની રહેશે. આ કામગીરીનો હેતુ માત્ર દંડ વસૂલવાનો નથી, પરંતુ માર્ગ અકસ્માતો અટકાવી નાગરિકોના જીવનની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. તેથી તમામ વાહનચાલકોને હેલ્મેટ અને સીટબેલ્ટનો ફરજિયાત ઉપયોગ કરવા, વાહન ચલાવતી વખતે મોબાઇલ ફોનનો ઉપયોગ ન કરવા અનુરોધ કર્યો છે. જામનગર શહેરમાં ઈન્સ્ટોલ કરેલા સીસીટીવી કેમેરાની મદદથી શહેરમાં બનતા ગુનાઓના ડીટેક્શનની કામગીરીનું ડીજીપી કચેરી દ્વારા દર ત્રણ મહિને અવલોકન કરવામાં આવે છે. જેમાં જામનગરની નત્રમ ટીમ દ્વારા ૩૪૫ ગુનાઅરજી ડિટેકશન કરી શોધ કેટેગરીના રેન્કીંગમાં રાજ્યકક્ષાએ પ્રથમ રેંન્ક મેળવેલ છે.

### જામનગરમાં સંકલન સમિતિ

(પાના નં. ૩ થી આગળ)

પડી રહેલી હેરાનગતિનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. ધારાસભ્યએ રી-સર્વે પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવા અને અરજદારોને બિનજરૂરી ધક્કા ન ખાવા પડે તે માટે સંબંધિત અધિકારીઓને યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપી હતી. તેમણે તંત્રને લોકહિતના પ્રશ્નોના સમયસર નિરાકરણ માટે જવાબદારીપૂર્વક કામગીરી કરવા નિર્દેશ આપ્યો હતો.

### ૨૩.૦૮ કરોડના

(પાના નં. ૩ થી આગળ)

કોઈપણ પ્રકારના માલની વાસ્તવિક હેરફેર વિના કરોડો રૂપિયાના નકલી બિલ બનાવવામાં આવ્યા હતા. આ નકલી બિલોના આધારે કુલ ₹૨૩.૦૮ કરોડની બોગસ ઈઝઈ મેળવીને સરકારી તિજોરીને મોટું નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. સ્ટેટ GST વિભાગના સત્તાવાર સૂત્રો અનુસાર, આ કૌભાંડ માત્ર એક કંપની પૂરતું સીમિત નથી. આ પાછળ એક મોટું નેટવર્ક કાર્યરત હોવાની શંકા છે. વિભાગ દ્વારા સમગ્ર બોગસ બિલિંગ નેટવર્કની તપાસ વધુ સઘન બનાવવામાં આવી રહી છે. આગામી દિવસોમાં આ મામલે વધુ ખુલાસા થવાની શક્યતા છે.

### જામનગર ડિસ્ટ્રીકટ

(પાના નં. ૩ થી આગળ)

પાયો છે. ખેડુત અને તેના પરિવારની આર્થિક સુરક્ષા માટે બેંક સતત કલ્યાણકારી નિર્ણયો લેતી રહેશે. વિશ્વાસ, પારદર્શિતા અને ખેડુત હિતને કેન્દ્રસ્થાને રાખી ધી જામનગર ડિસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક લી. આગામી સમયમાં પણ ખેડુતો, પશુપાલકો અને ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબધ્ધ છે.

### જામનગરમાં વીજ પુરવઠાના

(પાના નં. ૧ થી આગળ)

પુરવઠો બંધ થાય, ત્યારે નાગરિકોને તેની પૂર્વ જાણ થાય અને પીજીવીસીએલના કંટ્રોલ રૂમ કે હેલ્પલાઈન નંબરો પરથી ગ્રાહકોને યોગ્ય પ્રત્યુત્તર મળે તેવી વ્યવસ્થા ગોઠવવા પણ મંત્રીશ્રીએ તાકીદ કરી હતી. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે પ્રજાના પ્રશ્નોનું સમયસર અને સંતોષકારક નિવારણ લાવવું એ આપણી પ્રાથમિકતા છે. આ બેઠકમાં પીજીવીસીએલના અધિક્ષક ઈજનેર શ્રી એચ.ડી.વ્યાસ, સીટી-૧ ડિવિઝનના કાર્યપાલક ઈજનેર શ્રી જે.ડી.પાણખાણીયા, સીટી-૨ ડિવિઝનના કાર્યપાલક ઈજનેર શ્રી એમ.આર.પટેલ તેમજ જામનગર મહાનગરપાલિકાના વિવિધ વોર્ડના કોર્પોરેટરશ્રીઓ અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પૂર-ભૂસ્ખલન

(પાના નં. ૧ થી આગળ)

ગમગીની અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. આ સિવાય થન્ના મંડી સબ-ડિવિઝનના ચુરુંગ, રાજધાની અને બેહરોટ વિસ્તારો પણ ખરાબ રીતે પ્રભાવિત થયા છે, જ્યાં એક ક્રશર યુનિટમાં કામ કરતા મજૂરો ફસાયા હોવાની માહિતી છે.

### સોનમ વાંગચુક

(પાના નં. ૧ થી આગળ)

દિવસમાં સ્ટેટસ રિપોર્ટ પણ માંગ્યો છે. આ મામલાની સુનાવણી દરમિયાન જસ્ટિસ મિની પુષ્કર્ણાની કોર્ટે અવલોકન કરતાં જણાવ્યું હતું કે, માનવ શરીરની તબીબી સ્થિતિ હંમેશા એક સરખી રહેતી નથી. આવા ગંભીર કટોકટીના મામલાઓમાં અદાલતે બદલાતી પરિસ્થિતિઓ અને વ્યાપક જનહિતને ધ્યાનમાં રાખવું પડે છે. કોર્ટે સ્વીકાર્યું કે જ્યારે વાંગચુકની તબિયત લથડી, ત્યારે સરકારે તત્પરતા અને સક્રિયતા દાખવીને તેમને હોસ્પિટલ પહોંચાડ્યા, જે વહીવટીતંત્રનું એક પ્રશંસનીય અને યોગ્ય પગલું હતું.

### મોંઘવારીનો મોટો

(પાના નં. ૧ થી આગળ)

CNGના ભાવમાં વધારો કરી દેવામાં આવ્યો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ તો ક્યારનાય ૧૦૦ રૂપિયાની આસપાસ પહોંચી ગયા છે, પરંતુ હવે મધ્યમ વર્ગના વાહનચાલકો માટે આશીર્વાદ સમાન ગણાતો સીએનજી ગેસ પણ મોંઘોદાટ બન્યો છે. અદાણી ગેસ દ્વારા આજે સીએનજીની કિંમતમાં ૨ રૂપિયાનો વધારો લાગુ કરી દેવામાં આવ્યો છે. આ વધારા બાદ હવે અમદાવાદમાં અદાણી સીએનજીનો નવો ભાવ પ્રતિકિલો ૯૦.૦૨ રૂપિયા પર પહોંચી ગયો છે. પેટ્રોલ-ડીઝલની જેમ હવે સીએનજી વાપરવો પણ સામાન્ય લોકોના બજેટ બહાર જઈ રહ્યો છે. દેશનાં તમામ મહાનગરોમાં પેટ્રોલ-ડીઝલ અને હવે સીએનજીના પણ ભાવ જે રીતે ભડકે બળી રહ્યા છે. ત્યારે ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધવાની અને આગામી દિવસોમાં જીવનજરૂરી ચીજવસ્તુઓ પણ મોંઘી થવાની આશંકા સેવાઈ રહી છે. ફરી એકવાર મોંઘવારી સામાન્ય નાગરિકોને પરેશાન કરે તેવી શક્યતા છે.

### અમદાવાદ ફટાકડા

(પાના નં. ૧ થી આગળ)

આવ્યું ન હોવાના આક્ષેપો પણ સામે આવ્યા છે. પોલીસે મેહુલ ડોડિયા, રમીલા ડોડિયા અને સાદીક સૈયદ સામે માનવવધનો ગુનો નોંધ્યો છે. તપાસ દરમિયાન ફેક્ટરીમાંથી ૧૫ કિલોથી વધુ વિસ્ફોટક સામગ્રી (એક્સપ્લોઝિવ)નો જથ્થો પણ મળી આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ પાસે આટલી મોટી માત્રામાં વિસ્ફોટક સામગ્રી રાખવાની કોઈ પરમિશન નહોતી. તેમ છતાં તેઓ ગેરકાયદેસર રીતે વિસ્ફોટકનો જથ્થો સંગ્રહ કરીને ફટાકડાનું ઉત્પાદન કરી રહ્યા હતા.

તપાસમાં સાદીક સૈયદ અંગે પણ મહત્વનો ખુલાસો થયો છે. પોલીસના જણાવ્યા મુજબ સાદીક ખેડા જિલ્લાના કપડવંજમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં પણ ભાગીદાર હતો. કપડવંજની ફેક્ટરીમાં અંદાજે ૧૫ દિવસ પહેલાં જ આગ લાગી હતી. આ ઘટના બાદ સાદીક અમદાવાદની ફટાકડાની ફેક્ટરીમાં ભાગીદાર બન્યો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. હવે પોલીસે બંને ફેક્ટરી વચ્ચે કોઈ સંબંધ છે કે નહીં અને અન્ય લોકોની પણ સંડોવણી છે કે નહીં તે દિશામાં તપાસ શરૂ કરી છે. અમદાવાદ ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ કેસમાં થયેલી આ ધરપકડ બાદ પોલીસે સમગ્ર મામલે વધુ પુરાવા એકત્ર કરવાની કામગીરી શરૂ કરી છે. સાથે જ ગેરકાયદેસર રીતે ચાલતી ફટાકડાની ફેક્ટરીઓ અને વિસ્ફોટક સામગ્રીના ગેરકાયદે સંગ્રહ અંગે પણ તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે. સમગ્ર કેસમાં વધુ લોકોની સંડોવણી સામે આવે તેવી શક્યતા હોવાથી તપાસ હજુ પણ ચાલુ છે.

### એક જ પરિવારના

(પાના નં. ૧ થી આગળ)

૫૦૦ મીટર દૂર આવેલી અન્ય ફેક્ટરીઓ પણ ધણધણી ઉઠી હતી, જેમાં કુલ ૯ લોકોના મોત થયા છે અને પોલીસે મુખ્ય સંચાલક મેહુલ ડોડિયાની ધરપકડ કરી છે. ઘટનાની ગંભીરતાને પગલે સ્થાનિક પુરવઠા મામલતદાર અને પોલીસ તંત્રના ઉચ્ચ અધિકારીઓ પીડિત પરિવારના નિવાસસ્થાને દોડી ગયા હતા અને સાંત્વના પાઠવી સરકારી નિયમોનુસાર આર્થિક સહાય વહેલી તકે મળે તે માટેની વહીવટી પ્રક્રિયા હાથ ધરી હતી. આ સિવાય, પિછોડા ગામના અન્ય એક શ્રમિક દંપતી પણ આ દુર્ઘટનામાં ગંભીર રીતે દાઝી જતાં હાલ અમદાવાદની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.



**નામ બદલાવેલ છે**

આથી હું શબીર અયુબભાઈ ધાળા મારા સગીર વયના પુત્ર 'અસદ શબીરભાઈ ધાળા'માંથી બદલીને 'અસદ શબીર ધાળા' કરૂં છું, હવેથી તે 'અસદ શબીર ધાળા' તરીકે ઓળખાશે

**સરનામુંઃ જય અંબે સોસાયટી, આરંભડા-૩૬૧૩૪૫, તા. દ્વારકા, જિ. દેવભૂમિ દ્વારકા**

# જામનગરની પૃથ્વીએ ગુજરાતનું નામ રોશન કર્યું

## વિક્રમ-૧ રોકેટનો ઓટોપાયલટ ડિઝાઈન કર્યો, સ્કાયરૂટ એરોસ્પેસની પ્રથમ ખાનગી ઓર્બિટલ રોકેટ ટેસ્ટિંગમાં મોટું યોગદાન




**સમય સંદેશઃ જામનગર**

જામનગરના વિભાપર ગામના એક સામાન્ય પટેલ પરિવારની દીકરી પૃથ્વી સંઘાણીએ સ્પેસ સાયન્સના ક્ષેત્રમાં અસાધારણ સિદ્ધિ મેળવીને સમગ્ર દેશમાં ગુજરાતનું નામ રોશન કર્યું છે. અગ્રણી સ્પેસ સ્ટાર્ટઅપ 'સ્કાયરૂટ એરોસ્પેસ' દ્વારા દેશના સૌપ્રથમ ખાનગી ઓર્બિટલ રોકેટ 'વિક્રમ-૧' નું શ્રીહરિકોટા ખાતેથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક 'મિશન આગમન' માં પૃથ્વી સંઘાણીએ ગાઇડન્સ નેવિગેશન એન્ડ કંટ્રોલ (GNC) ટીમમાં 'કંટ્રોલ સિસ્ટમ લીડ' તરીકે સક્રિય ભૂમિકા ભજવીને રોકેટ માટેની ખાસ ઓટોપાયલટ ડિઝાઇન અને સિસ્ટમ ડેવલપ કરી હતી.

એક સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી આવતી આ દીકરીની શૈક્ષણિક અને વ્યાવસાયિક સફર અત્યંત પ્રેરણાદાયી રહી છે. જામનગરની હરિયા સ્કૂલ અને મોદી સ્કૂલમાંથી શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યા બાદ, તેમણે રાજકોટની આત્મીય ઇન્સ્ટિટ્યૂટમાંથી એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ, પુણેની પ્રતિષ્ઠિત સંસ્થા (DIAT)માંથી એરોસ્પેસ એન્જિનિયરિંગમાં માસ્ટર્સ કરીને દેશની પ્રતિષ્ઠિત સંસ્થા ઉઈઉઘ (હૈદરાબાદ) ખાતે પ્રોજેક્ટ એન્જિનિયર તરીકે જોડાઈને મિસાઇલ્સની મિશન અને કંટ્રોલ ડિઝાઇન પર સફળતાપૂર્વક કામ કર્યું હતું. વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૬ દરમિયાન 'સ્કાયરૂટ એરોસ્પેસ' માં પોતાની કાબેલિયત સાબિત કર્યા બાદ, પૃથ્વી સંઘાણી હાલ જૂન ૨૦૨૬ થી એક એરોસ્પેસ ડિફેન્સ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ અંતર્ગત પોતાની વિશેષ સેવાઓ આપી રહ્યા છે. વર્ષોની સખત મહેનત, અડગ સમર્પણ અને અંતરિક્ષ વિજ્ઞાનના ક્ષેત્રમાં દેશનું ગૌરવ વધારનારી જામનગરની આ દીકરીની સફળતા આજે દેશભરના લાખો યુવાનો અને ખાસ કરીને દીકરીઓ માટે નવી આશા અને પ્રેરણાનું ઉત્તમ ઉદાહરણ બની છે.

# ૨૩.૦૮ કરોડના બોગસ બિલિંગ કેસઃ પિતા-પુત્રની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી

**સમય સંદેશઃ જામનગર**

સ્ટેટ GST વિભાગ દ્વારા રૂ. ૨૩.૦૮ કરોડના બોગસ ઇનપુટ ટેક્સ ક્રેડિટ કૌભાંડના મુખ્ય આરોપી પિતા-પુત્રની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે કેસની ગંભીરતા અને સરકારી તિજોરીને થયેલા નુકસાનને ધ્યાનમાં રાખીને આરોપીઓને જેલમાં રાખવાનો આદેશ કર્યો છે.

આ કૌભાંડમાં સ્ટેટ GST વિભાગે મંડોવારા ટ્રેડિંગ કંપનીના સંચાલક સુરેશચંદ્ર મૂળચંદ શાહ અને તેમના પુત્ર આયુષ શાહની ધરપકડ કરી હતી. બંને આરોપીઓએ જેલમાંથી મુક્ત થવા માટે કાયદાકીય પ્રયાસો કર્યા હતા.


તસવીરઃ હિરેન ગાંધી

શરૂઆતમાં, પિતા-પુત્રએ મેટ્રોપોલિટન કોર્ટ સમક્ષ નિયમિત જામીન માટે અરજી કરી હતી, જે કોર્ટે નામંજૂર કરી હતી. મેટ્રોપોલિટન કોર્ટમાંથી રાહત ન મળતા, આરોપીઓએ સેશન્સ કોર્ટનો સંપર્ક કર્યો હતો. જોકે, સેશન્સ કોર્ટે પણ સરકારી વકીલની દલીલો, કેસની ગંભીરતા અને GST વિભાગ દ્વારા રજૂ કરાયેલા મજબૂત પુરાવાઓને ધ્યાનમાં લઈને બંને આરોપીઓની જામીન અરજી ફગાવી દીધી હતી. આરોપીઓ સુરેશચંદ્ર શાહ અને આયુષ શાહે મંડોવારા ટ્રેડિંગ કંપનીના નામે માત્ર કાગળ પર જ વ્યવહારો દર્શાવ્યા હતા.

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં સંકલન સમિતિની બેઠક મળીઃ ધારાસભ્ય હેમંત ખવાએ જી.જી. હોસ્પિટલ, વીજળી, જમીન રી-સર્વે પર તંત્રનું ધ્યાન દોર્યું


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્ય હેમંતભાઈ ખવાએ લોકહિતના વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા. તેમણે જી.જી. હોસ્પિટલ, વીજળી અને જમીન રી-સર્વે સંબંધિત મુદ્દાઓ પર તંત્રનું ધ્યાન દોર્યું હતું. બેઠક દરમિયાન, ધારાસભ્ય ખવાએ સૌરાષ્ટ્રની સૌથી મોટી જી.જી. હોસ્પિટલમાં થાઇરોઇડ ટેસ્ટની સુવિધા ઉપલબ્ધ ન હોવા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે આને ગંભીર બેદરકારી ગણાવીને આરોગ્ય વિભાગના અધિકારીઓ પાસેથી સ્પષ્ટતા માંગી હતી અને દર્દીઓને વહેલી તકે જરૂરી સુવિધા પૂરી પાડવા જણાવ્યું હતું. આ ઉપરાંત, તેમણે વીજળી સંબંધિત પ્રશ્નો અને જમીન રી-સર્વેની કામગીરી દરમિયાન લોકોને

અનુ પાના નં.૨ પર

# જામનગર જિલ્લા સહકારી બેંકે સર કર્યા સફળતાના નવા શિખરો

# જામનગર ડિસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેંકની વિકાસગાથાઃ ગ્રોસ નફામાં ૬૦ ટકાનો વધારો નેટ NPA શૂન્ય

## કુલ બિઝનેસ રૂા.૨૧૫૪ કરોડને પારઃ ૨૯ હજારથી વધુ નવા ખાતા ખૂલ્યાઃ ૯૭ ટકા ધિરાણ કૃષિ ક્ષેત્રને ફાળવાયા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર ડિસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેંકની વાર્ષિક સાધારણ સભામાં બેંકના વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના નાણાંકિય પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ગત વર્ષમાં બેંકે ઉત્કૃષ્ટ પરિણામો બેંકના સભાસદોના વિશ્વાસ અને બેંકના મેનેજમેન્ટની જહેમત કારણભૂત બન્યા છે. બેંકે ગ્રામ્ય બેંકીંગ અને ડિજીટલ બેંકીંગ વ્યવહારમાં ખૂબ જ નોંધપાત્ર પ્રગતિ કરી છે. બેંકના ચેરમેન જીતુભાઈ લાલે વાર્ષિક અહેવાલોની વિગતો આપતા જણાવ્યું હતુ કે બેંકે જિલ્લાના છેવાડાના ગામ સુધી બેંકીગ સેવા પહોંચાડવાના સંકલ્પને સાકાર કરી નવા સિમાચિન્હો સાથે સિધ્ધિ પ્રાપ્ત કરી છે.

બેંકના નાણાંકિય પરિણામો અંગે તેમણે આંકડાકિય વિગતો આપતા જણાવ્યું હતુ કે વર્ષ દરમ્યાન બેંકમાં ૨૯ હજારથી વધુ નવા ખાતા ખોલવામાં આવ્યા છે. બેંકનો ગત વર્ષનો ગ્રોસ નફો રૂા.૧૫.૦૫ કરોડનો હતો. જેમાં અંદાજે ૬૦ ટકાનો વધારો આ વરસે થયો છે. ચાલુ વરસે ગ્રોસ નફો રૂા.૮.૮૮ કરોડ વધારા સાથે રૂા.૨૩.૯૩ કરોડ થયેલ છે.

સૌથી નોંધપાત્ર બાબતએ છે કે બેંકનો જરૂરી પ્રોવીઝન અને આવકવેરાના પછીનો ચોખ્ખો નફો રૂા.૪.૫૧ કરોડથી વધુ નોંધાયો છે. બેંકનો કુલ બિઝનેસ રૂા. ૨,૧૫૪ કરોડથી વધુ થયો છે જયારે બેંકમાં કુલ થાપણો રૂા.૧૩૭૬.૨૯ કરોડ અને કુલ ધિરાણ રૂા.૭૭૮.૬૫ કરોડનું વધુ છે.

ગ્રોસ એન.પી.એ. માત્ર ૩.૯૮ ટકા જયારે નેટ એન.પી.એ. શૂન્ય રહયું છે જે બેંકની મજબુત નાણાંકિય શિસ્તનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

જિલ્લામાં બેંકીગ સેવાઓને સુલભ બનાવવા ૪૦૫ માઈક્રો એટીએમ બેંકમિત્રો દ્વારા ડોરસ્ટેપ બેંકીગ સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે. માઈક્રોએટીએમ સેવા મારફત અંદાજે રૂા.૨૮ કરોડના ૧૦,૮૨૦થી વધુ વ્યવહારો નોંધાયા છે.

બેંક દ્વારા CBS, CTS, RTGS, NEFT, NACH, ATM ડેબિટ કીર્ડ, મોબાઈલ બેંકીંગ QR આધારીત પેમેન્ટ, માઈક્રો ATM અને SMS એલર્ટ જેવી આધુનિક સેવાઓ દ્વારા ગ્રાહકોને ઝડપી અને સુરક્ષિત બેંકીગ સેવા આપવામાં આવી રહી છે.

જામજોધપુર ખાતે સંપૂર્ણ સુવિધાયુકત ATM કાર્યરત કરવામાં આવ્યું છે જયારે ભાટીયા, ભાણવડ તથા જામનગર (દિગ્જામ સર્કલ) ખાતે નવા ATM ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે. ઉપરાંત જિલ્લામાં ATM અને બેંકીગ કેન્દ્રો સુધી સમયસર રોકડ પહોંચે તે માટે આધુનિક કેશ વાનની સુવિધા પણ શરૂ કરવામાં આવી છે. ચેરમેનશ્રીએ જણાવ્યું હતુ કે, આગામી સમયમાં વધુ ATM નવી શાખો UPI આધારિત ડિજીટલ પેમેન્ટ અને AEPS જેવી અધતન સેવાઓ દ્વારા જિલ્લાના દરેક ગામ સુધી આધુનિક બેંકીંગ પહોંચાડવાનો બેંકનો સંકલ્પ અડગ છે.

બેંકના કુલ ધિરાણમાંથી ૯૭ ટકા ધિરાણ ખેતી અને કૃષિ ક્ષેત્રને આપવામાં આવ્યું છે, જે બેંકની ખેડુતલક્ષી પ્રતિબધ્ધતા દર્શાવે છે. જિલ્લાના ૪૨,૧૪૧ ખેડુત અને પશુપાલકોને કિસાન ક્રેડીટ કીર્ડ આપવામાં આવ્યા છે જેથી ખેતી અને પશુપાલન માટે સમયસર અને સરળ ધિરાણ ઉપલબ્ધ બની રહયું છે.

ચેરમેન જીતુભાઈ લાલે જણાવ્યું હતું કે બેંક માટે ખેડુત ગ્રાહક નથી પરંતુ સમગ્ર સહકારી વ્યવસ્થાનો

અનુ પાના નં.૨ પર

# લતીપુરની જીવદયા ગૌશાળાની ૨૭ વર્ષની અવિરત સેવાયાત્રાને રાજ્યપાલે બિરદાવી

## ૯૪૦ જેટલા અબોલ પશુઓની નિષ્ઠાપૂર્વક સંભાળ સાથે અન્નક્ષેત્રનું સંચાલનઃ ટ્રસ્ટની કામગીરીને ગણાવી અનુકરણીય



**સમય સંદેશઃ જામનગર**

લતીપુર ખાતે આવેલ 'મેહતા લક્ષ્મીચંદ જેઠાભાઈ પરિવાર સંચાલિત જીવદયા ગૌ સેવા સમાજ ટ્રસ્ટ'ની ગૌશાળાના અગ્રણીઓ દ્વારા મહામહિમ રાજ્યપાલશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન ટ્રસ્ટના પ્રમુખશ્રી ગણેશભાઈ મુંગરા, તેમજ ટ્રસ્ટીઓ સર્વશ્રી અરવિંદભાઈ જોશી, ગાંડુભાઈ ઝાલાવાડિયા અને જેન્તીભાઈ તરપદાએ રાજ્યપાલશ્રીને ગાયનું શુદ્ધ ઘી, ગૌમૂત્ર અર્ક અને સ્મૃતિચિહ્ન ભેટ આપીને આવકાર્યા હતા.

છેલ્લા ૨૭ વર્ષથી અવિરતપણે કાર્યરત આ સંસ્થા દ્વારા હાલ ૯૪૦ જેટલા અબોલ પશુધનની સંપૂર્ણ પ્રેમ અને નિષ્ઠાપૂર્વક સંભાળ લેવામાં આવી રહી છે. પશુધનની સારસંભાળની સાથે-સાથે આ ગૌશાળાના પરિસરમાં માનવસેવા કાજે એક અન્નક્ષેત્ર પણ ચલાવવામાં આવી રહ્યું છે, જે પશુસેવા અને માનવસેવાનો સુંદર સમન્વય દર્શાવે છે.

રાજ્યપાલશ્રીએ ગૌશાળાની આ દીર્ઘકાલીન સેવાકીય પ્રવૃત્તિઓની ઊંડી પ્રશંસા કરી હતી. તેમણે છેલ્લા અઢી દાયકાથી વધુ સમયથી સેવારત રહીને ૯૦૦થી વધુ પશુધનની જતનપૂર્વક રક્ષા કરવા બદલ અને સાથે જ અન્નક્ષેત્ર દ્વારા સમાજ ઉપયોગી કાર્યો કરવા બદલ ટ્રસ્ટની સમગ્ર ટીમને હૃદયપૂર્વક બિરદાવી હતી અને સંસ્થાની આ જીવદયાની ઉમદા કામગીરીને અનુકરણીય ગણાવી અભિનંદન પાઠવ્યા હતા.

# જામનગરમાં સુભાષ બ્રિજ પર ટ્રાવેલ્સની બસે વાછરડાને કચડ્યું


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના સુભાષ બ્રિજ (વિક્ટોરિયા પુલ) પરથી પસાર થઈ રહેલી એક ખાનગી ટ્રાવેલ્સની બસના ચાલકે પોતાના તાબા હેઠળનું વાહન બેફિકરાઈ અને ગફલતભરી રીતે હંકારીને એક અબોલ ગાયના વાછરડાને જોરદાર અડફેટે લીધું હતું. આ હૃદયદ્રાવક અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાના કારણે નિર્દોષ વાછરડાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ સમગ્ર દિલધડક ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ ગૌભક્તો અને સ્થાનિક રહેવાસીઓમાં ભારે રોષ ફેલાયો છે. જામનગરના પ્રબુદ્ધ નાગરિકો દ્વારા અબોલ જીવ પ્રત્યે આટલી ગંભીર બેદરકારી દાખવનાર અને પુરપાટ ઝડપે બસ હંકારી અકસ્માત સર્જનાર બસચાલક સામે તાત્કાલિક ધોરણે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

# વરસાદ ખેંચાતા સૌની યોજના નર્મદાના નીર છોડવા 'આપ'ની માંગ

## જામનગર જિલ્લાના ૧૪ ડેમોમાં 'સૌની'નું પાણી છોડવા વશરામભાઈ રાઠોડની મુખ્યમંત્રીને રજુઆત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં ચાલુ વર્ષે વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ચિંતા ફેલાઈ છે. આ સંજોગોમાં જિલ્લાના સૌની યોજના લીંક-૧ અને લીંક-૩ હેઠળના ડેમો, તળાવો, ચેકડેમોમાં પાણી છોડવા આમ આદમી પાર્ટી ના જિલ્લા પ્રમુખ વશરામભાઈ રાઠોડે રાજ્યના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી રજૂઆત કરી છે.

ચાલુ વર્ષે વરસાદ ખેંચાવાને કારણે અથવા અપૂરતા વરસાદને લીધે ખેડૂતોનો કિંમતી ઊભો પાક સુકાઈ જવાને આરે છે. જો આગામી દિવસોમાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી નહીં મળે, તો મોંઘા ભાવના બિયારણ, ખાતર અને રાત-દિવસની મહેનત નિષ્ફળ જશે, જેનાથી જગતનો તાત આર્થિક પાયમાલી તરફ ધકેલાઈ જશે. જામનગર જિલ્લાના જોડીયા, જામનગર, ધ્રોલ, કાલાવડ, લાલપુર અને જામજોધપુર તાલુકાના હજારો ખેડૂતોના કૃષિ પાકને જીવતદાન આપવા માટે 'સૌની યોજના' આશીર્વાદરૂપ બની શકે તેમ છે. સૌની યોજના લિંક-૧ અને લિંક-૩ અંતર્ગત ઊંડ-૧, ઊંડ-૨, ઊંડ-૩, ઊંડ-૪ ડેમ, કંકાવટી ડેમ, આજી-૩, આજી-૪ ડેમ, સપડા ડેમ, રૂપારેલ ડેમ, સસોઈ ડેમ, રણજીતસાગર ડેમ, રંગમતી ડેમ, વીજરખી ડેમ અને વોડીસાંગ ડેમમાં નર્મદા ના પાણી છોડવા માંગણી કરવામાં આવી છે.

# ઈન્ટરપૉલનું પોલમ્પોલઃ નામ બડે ઔર દરશન છોટે

## સતત નબળાઈનો સામનો કરી રહેલાં ડોલરની નકલ ખોરીનો ધીંકતો ધંધો

કેફી દ્રવ્યોનું ઉત્પાદન અને દાણચોરી કરનારી દક્ષિણ અમેરિકાની માફિયા ટોળીઓ જથ્થાબંધ નકલી ડોલરો છાપે છે. તેનો ઉપયોગ અન્ય માફિયા ટોળીઓને નાણાં ચૂકવવામાં થાય છે ચોવીસે કલાક પૈસા કમાવાની વેંતરણમાં પડેલા લોકો કોઇને કોઇ રસ્તો શોધી કાઢી અર્થોપાર્જન કરે છે, કેટલાંક લખપતિ બની જવા લોટરી ખરીદવાથી માંડીને મટકા, દાણચોરી, જુગારનો માર્ગ અપનાવે છે. ચતુર વેપારી બુદ્ધિ ધરાવનારા કેટલાંક લોકો જે વસ્તુની અછત વર્તાતી હોય તેનો વેપાર કરીને કમાઇ લે છે. હાલમાં ડોલર નબળો પડયો છે પરંતુ તેની આંતરરાષ્ટ્રીય માંગ ઓછી થઇ નથી. કેટલાંક ગઠિયાઓએ આ પરિસ્થિતિનો લાભ લઇને ડોલરની નકલી નોટો છાપવાનું કામ વધાર્યું છે.



વિજ્ઞાનની પ્રગતિએ અસલી-નકલી નોટની આ સ્પર્ધાને વધુ કાતિલ બનાવી દીધી છે. દુનિયાનું કોઈ પણ ચલણ આ રીતે નકલથી સુરક્ષિત નથી. અમેરિકન ડોલર નકલબાજોનું માનીતું નિશાન એટલા માટે છે કારણ કે તે દુનિયાભરમાં વેચી કે વટાવી શકાય એવું ચલણ છે. ઈંટરનેશનલ પોલીસ (ઇન્ટરપોલ) દ્વારા પકડાતી નકલી નોટોમાં એંશી ટકા જેટલી નોટો ડોલરની હોય છે.

મુંબઇના ડોંગરી વિસ્તારથી બેંગકોક સુધી અને ચીનથી માંડીને જર્મની સુધી નકલી ડોલર છાપવાનું કામકાજ ચાલે છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે બધા જ ચલણમાં ડોલર સૌથી વધુ લોકપ્રિય છે. આ કારણથી જ ડોલરની માંગ વધુ રહે છે. જાપાનીઓ અમેરિકામાં તેમનો માલ ઘુસાડવા માંગતા હોવાથી બજારમાં કોઇ પાર્ટી ડોલરમાં પેમેન્ટ કરે તો તે ચુપચાપ લઇ લે છે. રશિયાની કે.જી.બી. એ પણ જર્મનીના કેટલાંક શયતાનોની સહાયથી ડોલર નબળો પાડવા બનાવટી નોટોનું છાપકામ હાથ ધર્યું હતું.

થોડાં સમય પહેલાં થાઇલેન્ડમાં ૧૦૦ રૂપિયાની નોટની સાથે ૧૦૦ ડોલરની નોટો છાપવાનું કારખાનું પકડાયું હતું. ભારતીય નોટો વિદેશોમાં છપાતી હોય તેનું કાવતરું પકડાય ત્યારે સર્વપ્રથમ તોઅમેરિકા, ચીન કે બીજી કોઇ વિદેશી સત્તા તેમાં સંડોવાઇ હોવાનું માનવામાં આવે છે. પણ બેંગકોકમાં પકડાયેલા ભૂર્ગભમાં ચાલતા છાપખાનામાં અમેરિકન ડોલર ઉપરાંત ભારતીય રૂપિયા પણ છપાતાં હતાં.

અમેરિકાના ટ્રેઝરી ખાતાએ આપેલા અહેવાલ મુજબ ૨૦ કરોડ ડોલરની નકલી નોટો ચલણમાં ફરતી હોવાનો અંદાજ છે. દર ૪,૦૦૦ સાચી કરન્સી નોટમાં એક નોટ નકલી હોવાની શક્યતા ખરી. આ અંદાજ પણ માત્ર અટકળ જ છે. કારણ કે ટ્રેઝરીના અફસરોની કેફિયત મુજબ વાસ્તવમાં ચલણમાં ફરતી નકલી ડોલરની નોટોનો સાચો આંકડો મળવો મુશ્કેલ છે. અલબત્ત, ભૂતકાળમાં બનાવટી નોટોની જે ભરમાર અમેરિકામાં જોવા મળતી હતી તેટલી હવે નથી. કહે છે કે ૧૯મી સદીમાં અમેરિકામાં ચલણમાં ફરતી અડધાથી વધુ નોટો નકલી હતી. એ વખતે અમેરિકામાં જુદી જુદી બેન્કો પોતાની ચલણી નોટો ઇસ્યુ કરતી હતી.

જોકે ૧૮૬૫ની સાલમાં સિક્રેટ સર્વિસની સ્થાપના જ એ હેતુથી થઇ કે જેથી કાઉન્ટરફિટીંગ (ડુપ્લીકેટ નોટ બનાવવા)ના ધંધા પર અંકુશ લાવી શકાય. એ સમયગાળામાં 'સુપર ડોલર્સ' તરીકે ઓળખાતા હાઇક્વોલીટી ડુપ્લીકેટ ૧૦૦ ડોલરની નોટોનો મોટો જથ્થો ચલણમાં ઠલવાયો હતો. છેક ૨૦૦૭માં ખબર પડી કે ઉત્તર કોરિયા આ નકલી સુપર ડોલર્સ છાપીને અમેરિકન બજારમાં ઘુસાડતું હતું. આ બદમાશીનો પત્તો પણ ત્યારે લાગ્યો જ્યારે પેરુની બેન્કોએ અમેરિકન ૧૦૦ ડોલરની નોટો સ્વીકારવાનું બંધ કર્યું.

થોડા વર્ષ પૂર્વે ત્રાસવાદી જૂથ અલ-કાયદા સાથે સંકળાયેલા એક એજન્ટે અમેરિકાની ટંકશાળ બ્યુરો ઓફ એન્ગ્રેવિંગ એન્ડ પ્રિન્ટીંગમાંથી ડોલર છાપવા વપરાતી પ્લેટો ચોરી હતી. પરંતુ આ પ્લેટોનો દુરુપયોગ કોઇ કરે એ પહેલા ચોરીનો ભેદ ઉકેલાઇ ગયો હતો. હાલમાં અમેરિકાની બહાર દસ અબજ ડોલરની નકલી નોટો ફરી રહી હોવાનો અંદાજ છે. ઘણાં વિદેશી નાગરિકો તેમની સાથે આપણાં દેશની ચલણી નોટોની બેગો ભરીને લાવે છે અને પછી મનગમતીવસ્તુઓ ખરીદીને બનાવટી નોટો ચલણમાં ઘુસાડે છે. બેંગકોક, સિંગાપુર, નોર્થ કોરિયા હોનોલુલુ વગેરે શહેરોમાં બનાવટી ડોલર છાપવાનું કાવતરું મોટા પાયે ચાલે છે. આ ધંધામાં સંડોવાયેલા જાનના જોખમે પણ બીજા દેશોની ચલણી નોટો છાપીને તે દેશમાં નોટો ઘુસાડે છે. દેશમાં વિદેશી હુંડિયામણની છુપી અને સમાંતર બેંકિંગ કામગીરીનું આ ષડયંત્ર ચલાવતી એક આંતરરાષ્ટ્રીય ટોળકીનો હાથ હોવાનું જણાય છે.

અમેરિકન ડોલરનો ભાવ થોડા વર્ષ અગાઉ એક ડોલર બરાબર ૭૫ હતો તે વધીને ૯૫ રૂપિયા થઇ ગયો. તેથી ડોલર ઘણો મોંઘો થતાં દરેક દેશમાં તેની માંગ ખૂબ વધી ગઇ છે. હોંગકોંગમાં તો બારેમાસ આંતરરાષ્ટ્રીય મેળો ભરાયો હોય તેમ દેશપરદેશના ટુરિસ્ટોથી ત્યાંના બજારો ઊભરાતા રહે છે. ત્યાં અમેરિકન ડોલરની લે-વેચ સૌથી મોટા પ્રમાણમાં થાય છે તેને કારણે ત્યાં બનાવટી ડોલર આપવાવાળા પણ મોટા પાયે કામ કરતાં હોય છે. તાજેતરમાં જ હોંગકોંગમાં ચાર માણસો ડોલર અને ફિલીપાઇન્સનું ચલણ પેસોની નોટો છાપતાં પકડાયા હતા. છેલ્લા કેટલાક વર્ષોમાં ૧૦૦ મિલિયન, ૫૦૦ મિલિયન અને ૧ બિલિયન ડોલરની બનાવટી નોટો ભરેલા ધાતુના પટારા ફિલિપાઇન્સ અને મલેશિયા જેવા દેશોમાં જપ્ત થયા છે.

**સમય સંદેશ સ્પેશિયલ**

છેતરપિંડી કરનારા અમુક મોટા વેપારીઓ અને ઉધોગપતિઓને બેન્કના એજન્ટના સ્વાંગમાં એવું કહેતા ફરતા કે આ ખૂબ ઉંચી રકમની નોટો વિશે સરકાર ગુપ્તતા જાળવે છે એટલે સામાન્ય જનતાને તેના વિશે બહુ ખબર નથી. પરંતુ આવી મૂલ્યવાન નોટો બેન્કોમાં વટાવી શકાય છે. હોંગકોંગ પોલીસની એક સ્પેશિયલ સ્કવોડ તો પોકેટમાં 'કાઉન્ટરફીટ બીલ ડિટેકટર' (બનાવટી ચલણી નોટ ઓળખી કાઢતું યંત્ર) સાથે લઈને જ ફરતા હોય છે.

સેલફોનના કદના આ યંત્રને સહેલાઇથી ગજવામાં રાખી શકાય છે. વાપરવામાં સરળ તથા ચોકસાઇમાં પરિપૂર્ણ અને સસ્તું ઉપકરણ હવે દુકાનોમાં પણ વપરાવા લાગ્યું છે. અમેરિકન ચલણ ઉપરાંત બ્રિટીશ જર્મન અને ઓસ્ટ્રેલિયન ચલણની તપાસ માટે પણ આ ઉપકરણ બજારમાં ઉપલબ્ધ છે. આ યંત્રનો અર્થ એ કે ખોટી નોટ છાપનારાઓને કોઇ નવો કિમિયો અજમાવવો પડશે નોટના મુદ્રણ માટે નવી પદ્ધતિ અપનાવવી પડશે.

જો કે કલર કોપિયર મશીનોએ નકલખોરોનું કામ આસાન બનાવી દીધું છે. ડોલરની કે અન્ય ચલણોની નકલમાં અક્કલની ઝાઝી જરૂર રહી નથી. નિષ્ણાતો કહે છે કે કેનન સીએલસી ૮૦૦ એવી આબેહૂબ નકલો છાપે છે જે પારખવી ખૂબ મુશ્કેલ છે. કોડક, ઝેરોક્સ અને મિનોલ્ટાનાં મશીનો પણ એવાં જ કાર્યક્ષમ મનાય છે. એડોબી સિસ્ટમનાં ફોટોસ્કોપ અને ઇલેસ્ટ્રેટર અને અલ્સીના ફ્રીહેન્ડ જેવા છૂટથી મળી શકતા અધતન ગ્રાફિક સોફ્ટવેરની મદદથી ગમે તે ચલણની નકલ કરી શકાય છે. આધુનિક સ્કેનરો અને લેસર પ્રિન્ટરો પણ નકલખોરો માટે શક્તિશાળી ઓજારો પુરવાર થયાં છે. કાગળ પરનું લખાણ અને આકૃતિઓ ઉકેલીને આંકડારૂપે કોમ્પ્યુટરમાં દાખલ કરનારાં કલર સ્કેનર મશીનો છસોથી હજાર ડોલર સુધીમાં મળી જાય છે. દસ વર્ષ પહેલાં નકલી નોટોનું છાપખાનું વસાવવા માટે અઢી લાખ ડોલરની જરૂર પડતી, આજે માત્ર દસ હજાર ડોલરમાં થઈ શકે છે.

જ્યારથી અમેરિકન સરકારને ખબર પડી છે કે ડોલરની નોટો છાપવાનું કામકાજ દુનિયાભરમાં મોટા પાયે ચાલે છે ત્યારથી અમેરિકાનું ટ્રેઝરી ખાતું ચેતી ગયું છે. આપણે ત્યાં જેમ રિઝર્વબેન્કવાળા રૂપિયાની નોટો છાપવાનો હક્ક ધરાવે છે. તેમ અમેરિકામાં ટ્રેઝરી ખાતું ડોલર છાપવાની જવાબદારી ધરાવે છે. આ ખાતાએ ડોલરની નોટોની ડિઝાઇન, કાગળ અને છાપકામમાં મૂળથી ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે.

આવો ફેરફાર કરવાનો નિર્ણય લેવાનું કારણ જણાવતાં ટ્રેઝરી સેક્રેટરી કહે છે કે અમેરિકન ડોલરની હાલની ડિઝાઇનની હુબહુ નકલ કરી શકે તેવા છાપકામ યંત્રો ચીનાઓએ વિકસાવ્યા છે. વળી ફોટોકોપી મશીનો એટલા આગળ નીકળી ગયા છે કે કોઇ પણ દેશની ચલણી નોટોની આબેહુબ નકલ તૈયાર થઇ શકે.ખુદ સી.આઇ.એ. વાળાઓએ એવું કોમ્પ્યુટર સંચાલિત પ્રિન્ટીંગ મશીન વિકસાવ્યું છે કે દુનિયાના કોઇ પણ દેશની ચલણી નોટોની નકલ કરી શકાય. આ યંત્રની મદદથી તેમણે અમેરિકન ડોલરની નકલી નોટો છાપીને વિયેતનામ, થાઇલેન્ડ, કમ્બોડિયા વગેરે દેશોમાં વાપરી હતી. આજે પણ આ દેશોમાં બનાવટી ડોલરની નોટોનું પ્રમાણ સૌથી વધુ છે.

કેફી દ્રવ્યોનું ઉત્પાદન અને દાણચોરી કરનારી દક્ષિણ અમેરિકાની માફિયા ટોળીઓ જથ્થાબંધ નકલી ડોલરો છાપે છે. તેનો ઉપયોગ અન્ય માફિયા ટોળીઓને નાણાં ચૂકવવામાં થાય છે. ઈરાન અને સીરિયા પણ નકલી ડોલર છાપતા

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં નજીવી બાબતે યુવકની છરીના ઘા ઝીંકી હત્યાઃ અપશબ્દો બોલ્યા હોવાની શંકાએ તલવાર-ધોકા વડે હુમલો

## સારવાર દરમિયાન મોત, બે દંપતી સહિત ૭ આરોપીની ધરપકડઃ પોલીસે ઘટનાસ્થળે કરાવ્યું રિકન્સ્ટ્રક્શન





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ગોકુલનગર વિસ્તારમાં ગાળો બોલવાની સામાન્ય શંકાના કારણે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં એક યુવાનની કરપીણ હત્યા નીપજાવવામાં આવી છે. આ ચકચારી ઘટનામાં ત્રણ જેઠવા બંધુઓ પર છરી, તલવાર અને ધોકા જેવા ઘાતક હથિયારો વડે હિચકારો હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ગંભીર રીતે ઘવાયેલા પ્રદીપસિંહ જશાજી જેઠવાનું સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું છે.

પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, ગત ૧૭ જુલાઈની રાત્રે ગોકુલનગર શેરી નંબર ૧૧, ગિરિરાજ પાન પાસે રહેતા બાબુ ઉર્ફે રણજીતસિંહ જશાજી જેઠવા પોતાના વિસ્તારમાં હાજર હતા. તે સમયે આસપાસના કેટલાક શખ્સો અપશબ્દો બોલી રહ્યા હતા. આ દરમિયાન, ત્યાં રહેતા સોનુબા ગુમાનસિંહ જાડેજાને એવી ખોટી શંકા ગઈ કે જેઠવા ભાઈઓ તેમના ઘરના આંગણે આવીને ગાળો બોલી રહ્યા છે.

આ નજીવી શંકાને પગલે મામલો ગરમ થયો હતો અને સોનુબા જાડેજા, ગુમાનસિંહ જાડેજા, પ્રદીપસિંહ જાડેજા, જયલો રાઠોડ, દિવ્યરાજસિંહ વાઘેલા તેમજ જોષનાબા અને તેમના પતિ સહિતનું ટોળું હથિયારો સાથે જેઠવા પરિવારના ઘરે ધસી ગયું હતું. બોલાચાલી ઉગ્ર બનતાં ગુમાનસિંહ જાડેજાએ પોતાની પાસે રહેલી તીક્ષ્ણ છરી વડે પ્રદીપસિંહ જેઠવા પર જીવલેણ ઘા ઝીંકી દીધા હતા. આ હુમલામાં વચ્ચે પડેલા અન્ય બે ભાઈઓ બાબુ ઉર્ફે રણજીતસિંહ અને મયુરસિંહને પણ બેરહેમીથી માર મારવામાં આવ્યો હતો.

લોહીલુહાણ હાલતમાં ઘાયલ થયેલા પ્રદીપસિંહને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં સારવાર દરમિયાન તેમણે દમ તોડી દેતાં આ સમગ્ર મામલો હત્યામાં પલટાયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ જામનગર પોલીસે ગુનો નોંધી પી.આઈ. એન. બી. ડાભીના માર્ગદર્શન હેઠળ ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આ હત્યાકાંડમાં સંડોવાયેલા બે દંપતી સહિત કુલ સાતેય આરોપીઓની ધરપકડ કરી લીધી છે અને હાલ તેમના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

જામનગરના ગોકુલનગર વિસ્તારમાં ગાળો બોલવાની શંકાએ થયેલી પ્રદીપસિંહ જેઠવાની હત્યાના મામલામાં પોલીસે વધુ તપાસ તેજ કરી છે. આ ચકચારી કેસમાં પોલીસે વધુ બે આરોપીઓની અટકાયત કરી છે. ગુનાની કડીઓ મેળવવા અને ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને, પોલીસ કાફલા દ્વારા પકડાયેલા આરોપીઓને સાથે રાખીને ગોકુલનગર શેરી નંબર ૧૧ માં ઘટનાસ્થળે લાવી સમગ્ર બનાવનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.

# જામનગર શહેરમાં ૧૫ દિવસમાં પોલીસના નેત્રમ વિભાગના સી.સી.ટી.વી. કેમેરાની મદદથી ૧,૭૨૨ ઈ-ચલણ ઈસ્યૂ થયા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં ટ્રાફિક નિયમોના અસરકારક અમલ માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા સીસીટીવી કેમેરાની મદદથી ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર વાહનચાલકો સામે સતત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઇન્સ્પેક્ટર બી. બી. સિંગલના માર્ગદર્શન હેઠળ કામગીરી કરે છે.

વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત જામનગર શહેરમાં સ્થાપિત સીસીટીવી કેમેરાની મદદથી તા. ૧ થી ૧૫ જુલાઈ ૨૦૨૬ દરમિયાન મોટર વાહન અધિનિયમની વિવિધ જોગવાઈઓ હેઠળ કુલ ૧,૭૨૨ ઈ-ચલણ ઇસ્યૂ કરવામાં આવ્યા છે.

તેમાં વાહન ચલાવતી વખતે મોબાઇલ ફોનનો ઉપયોગ કરવાના ૭૨૫ રોંગ સાઈડ (વન-વે)માં વાહન ચલાવવાના ૧૯૬, ત્રિપલ સવારીના ૬૩૨, આરટીઓ માન્ય નંબર પ્લેટ વગર (ફેન્સી નંબર પ્લેટ) વાહન ચલાવવાના ૧૪૯, સીટબેલ્ટ ન પહેરવાના ૧૧ તથા અન્ય પ્રકારના ૯ ગુનાઓનો સમાવેશ થાય છે.

પોલીસે જણાવ્યું છે કે તમામ ઈ-ચલણ સ્પીડ પોસ્ટ મારફતે વાહન માલિકના આરટીઓમાં નોંધાયેલા સરનામે મોકલવામાં આવી રહ્યા છે. ઈ-ચલણની ભરપાઈ પરિહવન વિભાગની વેબસાઇટ, ગૂગલ પે અથવા ફોનપે જેવા ડિજિટલ માધ્યમથી તેમજ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે રૂબરૂ જઈને પણ ભરી શકાય છે. ઈ-ચલણની ભરપાઈ ૯૦ દિવસની સમયમર્યાદામાં કરવી ફરજિયાત છે. સમયમર્યાદા બાદ ભરપાઈ વર્ચ્યુઅલ કોર્ટ મારફતે

અનુ પાના નં.૨ પર





સરકારમાન્ય આરએનઆઈ ધરાવતું પ્રિન્ટિંગ પ્રેસ

તિર્થ પ્રિન્ટિંગ પ્રેસ

દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક ન્યૂઝ પેપરના

સ્વચ્છ અને સમયસર પ્રિન્ટિંગ માટે મળો..

સંપર્કઃ રાજુભાઈ ભાવસાર

88668 68600


PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com